# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-02-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યના પોલીસ વડા કચ્છની મુલાકાત લેશે:

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ આગામી ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન કચ્છ જિલ્લાના સરહદી ગામોની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાનો છે.

બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ ભુજ ખાતે ઉચ્ચસ્તરીય 'ક્રાઈમ કોન્ફરન્સ'ની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં પોલીસ વિભાગ સહિત ભારતીય સેના, BSF, કોસ્ટ ગાર્ડ અને વાયુસેનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. જેમાં ઘૂસણખોરી, ડ્રગ્સની હેરાફેરી અને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ રોકવા તમામ એજન્સીઓ વચ્ચેના સંકલન પર ભાર મૂકાશે.

ડૉ. કે.એલ.એન.રાવ ખાસ કરીને જખૌ અને પિંગલેશ્વર જેવા સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈને ત્યાં તૈનાત મરીન પોલીસ અને સુરક્ષા એજન્સીઓની સજ્જતા ચકાસશે. આ સાથે જ તેઓ દુર્ગમ વિસ્તારોમાં ફરજ બજાવતા જવાનો સાથે સંવાદ કરી તેમનું મનોબળ વધારશે અને જવાનોના કલ્યાણ માટેની સુવિધાઓની સમીક્ષા પણ કરશે.

-----------------------------------------------------------------------------------------

## રાજ્યમંત્રીનો બજેટ અંગે પ્રતિભાવ:

રાજ્ય સરકારના આ સર્વસમાવેશી બજેટ અંગે હકારાત્મક પ્રતિક્રિયા આપતા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમ છાંગાએ જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર કચ્છના પ્રવાસન, ઔદ્યોગિક તથા શૈક્ષણિક ક્ષેત્રે નવા પ્રાણ ફૂંકનારું સાબિત થશે.

તેમણે કહ્યું કે બજેટમાં કચ્છ જિલ્લાના વિકાસ પર વિશેષ ભાર મૂકતા અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. ખેતી અને સિંચાઈની સુવિધા માટે દુધઈ સબ-બ્રાન્ચ કેનાલના કામો અર્થે રૂ. ૨૩૦ કરોડની માતબર ફાળવણી કરાઈ છે. પર્યાવરણની જાળવણી માટે બન્નીના ઘાસિયા મેદાનના પુનઃસ્થાપન અને ગાંડા બાવળ દૂર કરી વાંસ સહિતના સ્થાનિક વૃક્ષોના વાવેતર માટે રૂ. ૯૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. પશુપાલકોની આર્થિક ઉન્નતિ માટે દૂધ ઉત્પાદક સહકારી સંઘોને માળખાકીય સુવિધાઓ વિકસાવવા વિશેષ સહાય અપાશે.

શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે પણ કચ્છ સહિત સમગ્ર રાજ્યના યુવાનો માટે ૧૬ નવી સરકારી કોલેજો અને ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ સહાયની જોગવાઈ કરાઈ છે. આરોગ્ય ક્ષેત્રે કચ્છ સહિતના વિસ્તારોમાં ૧૦ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે રૂ. ૨૮ કરોડ ફાળવાયા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના ૬ આર્થિક ક્ષેત્રો માટેના ઇકોનોમિક માસ્ટર પ્લાનમાં કચ્છનો સમાવેશ થવાથી જિલ્લામાં મૂડી રોકાણ અને રોજગાર સર્જનને અભૂતપૂર્વ વેગ મળશે.

----------------------------------------------------------------------------------------

## જી-રામ-જી અંતર્ગત ભુજમાં સંવાદ:

ભુજ ખાતે આયોજિત 'ખેડૂત શ્રમિક સંવાદ'માં અગ્રણીઓએ જણાવ્યું હતું કે 'વિકસિત ભારત જી રામ જી' યોજના ગ્રામીણ અર્થતંત્રની કાયાપલટ કરશે. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈએ મનરેગામાં થયેલા સુધારા અંગે માહિતી આપતા કહ્યું કે, 125 દિવસની રોજગારી, સમયસર ચુકવણી અને પંચાયતોને વિશેષ સત્તા જેવી જોગવાઈઓથી ગામડાનો વિકાસ વેગ પકડશે. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ ખેડૂતો અને શ્રમિકોને આ યોજનાનો મહત્તમ

લાભ લેવા આહ્વાન કર્યું હતું. મહામંત્રી હિતેશભાઈ ખંડોરે યોજનાનો લાભ છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા માટે છેડાયેલા વિશેષ જનજાગૃતિ અભિયાનની વિગતો આપી હતી.

------------------------------------------------------------------------------------

## કચ્છ બ્રાંચ કેનાલ મરમ્મત :

કચ્છ બ્રાંચ કેનાલ આગામી ૧૫ માર્ચથી મરમ્મત અને સાફસફાઈ માટે બંધ થવાની હોવાથી રાપર નગરપાલિકાએ પાણીની કટોકટી ટાળવા આયોજન હાથ ધર્યું છે. પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીએ જણાવ્યું કે, નાગરિકો અને પશુધન માટે નગાસર તળાવ ભરવાની કામગીરી શરૂ કરાઈ છે. હાલ પાણી વિતરણ ત્રણ દિવસે થશે, જે તળાવ ભરાયા બાદ એકાંતરે કરાશે.

તંત્ર દ્વારા નંદાસરથી સેલારી સુધી પીવા માટે પાણી રિઝર્વ રાખવા અને સામખિયાળીથી દૈનિક 4 MLD પાણી મેળવવા પાણી પુરવઠા બોર્ડ સમક્ષ માંગ કરાઈ છે. ખેડૂતો રિઝર્વ જથ્થો ન વાપરે તે માટે કેનાલ પર રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવશે. કલેક્ટર અને ધારાસભ્યની સૂચના મુજબ પાલિકા અને પાણી પુરવઠા વિભાગના સંકલનથી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

## રમજાન માસ દરમ્યાન રસોડા :

પવિત્ર રમજાન માસ ચાલુ થઇ ગયો છે, જેના ભાગરૂપે મુસ્તફા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી રમજાન માસ દરમિયાન મુસાફરો, હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગાસંબંધીઓ, ગરીબો, મજૂરો અને મજલૂમો સહિતના જરૂરિયાતમંદ લોકોની સગવડતા માટે રસોડાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ તકે સંસ્થાના ટ્રસ્ટના પ્રમુખ મોહસીન હિંગોરજાએ જણાવ્યું હતું કે રાત્રે 3 વાગ્યાથી સહેરી ચાલુ થઇ જશે, આનો લાભ લેવા માટે કોઇ નામ લખવાનું કે રજિસટ્રેશન કરવાની જરૂર નથી. પાર્સલ સુવિધા પણ રાખવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

## હવામાન:

રાજ્યમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનો પ્રકોપ વધવાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૪ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના કારણે લોકોને ઉનાળા જેવો અહેસાસ થશે. ઉત્તર ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સિસ્ટમ સક્રિય થવાને કારણે તાપમાનમાં આ ફેરફાર જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં હાલમાં સૌથી ઊંચું ૩૪.૩ ડિગ્રી તાપમાન ડીસામાં નોંધાયું છે. જ્યારે કેશોદમાં રાજ્યનું સૌથી નીચું ૧૩.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. કચ્છની વાત કરીએ તો, ભુજમાં ૧૮ ડિગ્રી અને કંડલામાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સિસ્ટમ સક્રિય થવાના કારણે આગામી દિવસોમાં ગરમીનું જોર હજુ વધશે.

---------------------------------------------------------------------------------------